શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ઑગસ્ટ - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-

## દિવ્ય ટપાલી


કોઈ વૃક્ષ કપટી નથી હોતું
કોઈ પંખી ભ્રષ્ટ નથી હોતું
કોઈ વાદળ કંજુસ નથી હોતું.
પર્વત જેટલો ઉંચો તેમ એની ખીણ ઉંડી
મહાસાગર ગહન ગંભીર ખરો,
પણ એનો ઉમળકોતો અનંત,
તરંગ રાશિ પર સદાય ઉછળતો જ રહે છે.
નદીના હૃદયમાં ભેદભાવ નથી હોતો.
સાધુ જેવા દેખાતા ગમે તે માણસનો
ચરણસ્પર્શ કરવા માટે પાગલ બનીને
પડાપડી કરનાર લોકોને
ઉપર ગણાવ્યા તેવાં
ભવ્ય અને દિવ્ય ગુરુસ્થાનો
નજરે નહી પડતાં હોય ?

- ગુણવંત શાહ


**Indoor Games Starts from D. 7.9.2008**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| Kids Course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

## ADDRESS OF TRAINING CENTER

## SOFTWARE ACADEMY

15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

***સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૫ | ૧૪-૦૮-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)**

**નિકેશ જ. ગાંધી**

**અમીત વ. પારેખ**

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ / ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# લફરૂં

***તંત્રી સ્થાનેથી***

***હમણાં એક SMS આવ્યો***

***જીવનમાં એક વાર લફરું કરવું જોઈએ***
***જાહેર નહી તો છાનું છપનું કરવું જોઈએ***
***સોળસો ગોપી સાથે રાસ કાનુડો રમે તો***
***બે ચાર ભેગા રમતાં તમારે શું કામ ડરવું જોઈએ***

લગ્ન સંસ્થાની શરૂઆત કયારે થઈ એ એક ચર્ચાનો વિષય છે. પરંતુ એની શરૂઆત થયા બાદ થોડા જ વર્ષોમાં લફરાની શરૂઆત જરૂર થઈ હશે. લગ્ન એટલે હું સમજું છું ત્યાં સુધી ‘એક સ્ત્રી અને એક પુરુષ આજીવન સાથે રહેવાનો, એક બીજાને વફાદાર રહેવાનો, એકબીજાના સુખ દુઃખમાં સાથ આપવાનો, કોઈ પણ પરિસ્થિતિમાં એકબીજાને નિભાવવાનો કોલ અગ્નીની સાક્ષીએ કે ભગવાનની સાક્ષી એ આપે તે’. જોકે હવે ફક્ત ભગવાનની સાક્ષીએ કોઈ અજાણ્યા મંદિરમાં કરેલા લગ્ન કે એકબીજાને દીધેલા કોલની કોઈ વેલ્યુ નથી. સમાજની સાક્ષી કે પછી વકીલની સાક્ષી જરૂરી ગણાવા લાગી છે કારણ કે રખેને મહામુસીબતે ઝડપાયેલો શિકાર છટકી જાય. આ પાંજરામાં પુરાયા બાદ સ્ત્રી કે પુરુષને સમજાય કે આ પાંજરા બહારની દુનિયા વધુ સારી છે અને જો એ હિંમત કરીને પાંજરાની બહાર જંગલમાં નીકળીને એકાદ બીજો શિકાર કરી શકે અને પાછો પેલા પાંજરામાં જઈને પોતાને નિર્દોષ સાબિત ન કરી શકે એને લફરું કહેવાય. ઘણા ના પકડાય એને છાનું છપનું લફરું કહેવાય અને પકડાઈ જાય એને જાહેર લફરું કહેવાય. થોડા વર્ષો પહેલાં લફરું એ છુપાવા જેવી, ડરવા જેવી અને નીચું જોવા જેવી બાબત ગણાતી

પણ એકતા કપુરે તો એને સહજ બાબત બનાવી દીધી છે. એની સિરીયલોમાં તો લગ્ન બહારના સંબંધો (લફરાં) એક સામાન્ય બાબત ગણાય છે. લોકોના મનમાં ઠસાવી દેવાનો પ્રયત્ન થઈ રહ્યો છે કે આ બધું તો જીવનમાં સામાન્ય કહેવાય. પહેલાં ગણ્યા ગાંઠ્યા લોકો આવા સંબંધો બાંધતા એને છાનું રાખતાં અને સમાજથી ગભરાતા. હવે તો જેને આવા સંબંધો નો વિચાર સુદ્ધાં ના કર્યો હોય એ લોકોને પણ આ બાબતમાં વિચારતાં કરી મુક્યા છે અને જેઓ આવા સંબંધો ધરાવતા હતાં એ લોકો હવે આનો ખુલ્લે આમ એકરાર કરતાં થઈ ગયા છે. બાળકો અને યુવાનો આવી સિરિયલો જોઈને મોટા થાય છે. એ લોકો માટે તો ભવિષ્યમાં આ સહજ બાબત બની જવાની. આ રોગ જોકે બહુ વકર્યો નથી પણ વધુ પડતાં સુધરેલા સમાજમાં કે હાય સોસાયટીમાં આ બાબત સહજ બનવા લાગી છે. Live in Relationship જેવા સ્ત્રી પુરુષના સંબંધો સ્વીકારતાં થયા છે. ચાલો ઘર ઘર રમીએ, ફાવે તો ઠીક નહી તો તું તારે ઘરે હું મારે ઘેર, નો કમીટમેન્ટ, એટેચમેન્ટ એટલે એકબીજા માટે પ્રેમ અને લાગણી હોય છે અને થોડા વર્ષો પછી આ રીલેશનશીપ કદાચ લગ્નમાં પણ પરિણમે છે. પરંતુ શહેરમાં એકલાં રહેતાં કમાતાં ધમાતાં પ્રોફેશન સ્ત્રી પુરુષો જેની પાસે બીજાના માટે સમય જ નથી જેને ફક્ત પોતાની કારકીર્દી વ્હાલી છે અને એની સામે બધું જ નકામું છે. જેને બાળકો પળોજણ અને લગ્ન બંધન લાગે છે. એ લોકો એ હવે One night Relation જેવા સંબંધો શરૂ કર્યા છે જેમાં કમીટમેન્ટ તો ઠીક લાગણીનો સંબંધ હોવો પણ જરૂરી નથી હોતો. હવે આને લફરાં કહેવાય કે નહી? કોઈપણ કમીટમેન્ટ વગર બન્ને વ્યક્તિની ઈચ્છાથી બંધાયેલા સંબંધો જેમાં ત્રીજા પાત્રની સાથે છેતરપીંડી કે વિશ્વાસઘાત ન થયા હોય એને કદાચ લફરું ન કહી શકાય. પરંતુ પોતાના પતિ અથવા પત્નિ ને છેતરીને વિશ્વાસઘાત કરીને ત્રીજા પાત્ર સાથે બંધાયેલા સંબંધને લફરું કહી શકાય. જોકે દરેક વ્યક્તિગત વિચારો જુદા હોઈ શકે પણ સામાન્ય રીતે લગ્ન બહારના સંબંધોને આપણે લફરું કહીએ છીએ. આ શબ્દ બનાવનારને કદાચ આજની પરિસ્થિતિનો ખ્યાલ નહી હોય.

સામાન્ય રીતે લફરાંમાં પુરુષને દોષ દેવામાં આવે છે. પરંતુ સ્ત્રીઓ પણ એમાં એટલી જ ગુનેગાર હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં સ્ત્રીને ખબર હોય છે કે આ પુરુષ પરણેલો છે અને એણે એની પત્ની સાથે લગ્નનો અને વફાદારીનો કોલ લીધો છે. એ જો પરણેલી હોય તો એને એ પણ ખબર હોય છે કે તે પણ પોતાના પતિને છેતરી રહી છે. છતાં પણ એ આવા સંબંધ માટે તૈયાર કેમ થાય છે. આમાં શું બન્નેનો દોષ નથી? કોઈ પણ લફરું એક સ્ત્રી અને એક પુરુષ સિવાય શક્ય નથી અને એમાં દોષ કોઈ એક ને ન આપી શકાય.

આ લફરાં થવાનું, કરવાનું, કારણ શું? થોડા મુદ્દા સુઝયા છે એ ટપકાવું છું. બાકીના આપને વિચારવાની છુટ છે. પહેલાં પુરુષની દ્રષ્ટિએ વિચારીએ તો દરેક પુરુષના મનમાં પત્ની માટે ચોક્કસ અપેક્ષા હોય છે. મારી પત્ની સુંદર હશે, હોંશિયાર હશે, ચપળ હશે, ફેશનેબલ હશે, સરસ રસોઈ બનાવતી હશે વગેરે વગેરે ટુંકમાં શયનેશું રંભા, કાર્યેશું મંત્રી અને ભોજને શું માતા. લગ્નની શરૂઆતમાં આમાંનું થોડું ઘણું ઓછું હોય તો પણ આકર્ષણમાં થોડા વર્ષો વીતી જાય છે પરંતુ જ્યારે પત્ની છોકરાઓમાં અને ઘરના કામકાજમાં બીઝી થઈ જાય ત્યારે પેલા વિચારેલા અને ન મળેલા ગુણો પત્નીમાં અવગુણોની દષ્ટિએ દેખાવા લાગે અને એ ગુણો બીજી સ્ત્રીઓમાં જોતો પતિ લફરા કરવા તત્પર બને. બીજા સંજોગોમાં સતત અસંતોષ, ઝગડા, મનદુઃખ, ઘરમાં એકાંતનો અભાવ, પત્નીમાં ઓછી થઈ જતી સંબંધોની ઉષ્મા લફરા તરફ લઈ જાય. અથવા તો નોકરી ધંધે કામ કરતી સાથે કામ કરતી

બીજી સ્ત્રીઓનો સતત સહવાસ, કંઈક નવુ પામવાનો શોખ કે પછી સામેથી કોઈક સ્ત્રી દ્વારા કરાયેલા પ્રયત્નો પુરુષને લફરાં તરફ લઈ જાય છે.

સ્ત્રીઓમાં પણ ઉપરની બધી બાબતો કદાચ સરખીજ લાગુ પડે. એ ઉપરાંત આર્થિક રીતે નબળો પતિ, પોતાના અણપોષાયેલા શોખ પુરા કરવાની વૃત્તિ, હરવા ફરવાના શોપિંગ કરવાના જીવનના બધા જ મોજ શોખ માણવાની વૃત્તિ, લગ્ન બંધનમાં પતિ તરફથી ઉપેક્ષા, પતિની બેવફાઈનો બદલો લેવાની મનોભાવના, મા ન બની શકવાનું દુ:ખ કે વધુ પડતી વાસના પણ આ માટે કારણરૂપ બને છે.

નવા જમાનાની નવી નવી વાતો 'લીવ ઈન રીલેશનશીપ' કે 'વન નાઈટ રીલેશન' થી ઘણીવાર લગ્ન સંસ્થાના પાયા હચમચતાં લાગે છે. આ વ્યવસ્થા પડી ભાંગવાનો ડર લાગે છે. કમલ હસન કે સલમાન રશદી જેવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જ્યારે કહે કે અમે લગ્નમાં માનતાં નથી ત્યારે સમાજમાં એનાં પ્રત્યાઘાતો પડે છે. જાણીતા અભિનેતાઓ જ્યારે લગ્ન છોડીને લીવ ઈન રીલેશન અપનાવે ત્યારે એના પડઘા સામાન્ય માનસ ઉપર પડે છે. પણ લગ્ન સંસ્થામાં નથી માનતો કહેવાવાળાઓ પણ લગ્ન કરે જ છે. પશ્ચિમ હોય કે પુર્વના દેશો બધે જ મોટા ભાગના યુગલો લગ્ન કરે છે. યુરોપ કે અમેરિકામાં આપણે ધારીએ છીએ એના કરતાં વધુ લોકો લગ્ન જીવન આપણી જેમ જ આજીવન સાથે રહીને ગાળે છે. જે બદી છે એ ફક્ત શહેરો પુરતી સીમીત છે. બાકીના બધા ૭૦ વર્ષે પણ એકબીજાને સહારે જીવે જ છે. જુવાનીનો નશો જ્યારે ઉતરે છે ત્યારે સ્ત્રી કે પુરુષને એકબીજાનો સથવારો જરૂરી લાગે છે. જીવનસાથીની જરૂરિયાત, એના દ્વારા અપાતો પ્રેમ અને હુંફનું મહત્વ સમજાય છે. લફરામાં અટવાલેયી સ્ત્રી કે પુરુષ પણ શારિરીક, માનસિક અને આર્થિક રીતે ખુવાર થઈને પણ પોતાના પતિ કે પત્ની પાસે થાકી હારીને આવે જ છે. પુરુષો કદાચ ન કરે પણ પત્નિઓતો મોટાભાગે પાછા ફરેલા પતિને સ્વીકારે છે અને બન્ને જણા લગ્નજીવનની સંધ્યા ટાણે જીવન આકાશમાં નવા રંગો પુરવા પ્રયત્નશીલ થઈ જાય છે, પરંતુ લગ્નજીવનના કોલ ઉપર પોતાનું સર્વસ્વ બીજા પાત્ર પર ન્યોછાવર કરનારને છેતરીને, વિશ્વાસઘાત કરીને લફરું કરનાર સંપૂર્ણ માફીને પાત્ર નથી જ હોતો. જોકે વીપીન પરીખે આવી જ ફરિયાદ પુરુષના મોઢે મુકી છે પણ સ્ત્રી માટે પણ કદાચ એટલી જ સાચી છે.

*''તું કોઈ અમેરીકન પત્નીની જેમ મને છોડીને ચાલી તો ન ગઈ*
*તે મને અનેક માણસોની વચ્ચે વકીલોને સહારે*
*કોર્ટમાં બદનામ પણ ન કર્યો*
*ન તો ક્યારેય આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી*
*માત્ર એક દિવસ વાત વાતમાં તું આટલું જ બોલી ગઈ.*
*''આવતે ભવે પતિ તરીકે તમે તો નહી જ''.*

***નોંધ : કોઈપણ લફરું કરનાર વ્યક્તિ આ લેખમાં આપેલ કારણો આપીને એની જવાબદારીમાંથી છટકવા પ્રયત્ન નહી કરે એવી આશા રાખું છું.***

***- નિખિલ બાબુલાલ પરીખ***

## અમે દીલગીર છીએ

જ્યોતીપુંજના જુન માસમાં છપાયેલ લેખ 'પાત્ર'ના લખાણથી બાલાસિનોરના અસીલ સમાજની તથા કાછીયા સમાજની લાગણીઓને ઠેંસ પહોંચી હતી. લેખિકા શ્રીમતી ઉષાબહેન ધારીઆનો એવો કોઈ ઈરાદો ન હતો છતાં પણ કોઈ પણ સમાજને લખાણથી દુ:ખ પહોંચે એ યોગ્ય ન જ ગણાય. તંત્રી તરીકે આવું લખાણ છાપવા બદલ હું પણ આની જવાબદારી સ્વીકાર કરું છું અને અમે બન્ને જણા આ બદલ અસીલ તથા કાછીયા સમાજની માફી માંગીએ છીએ.

આશા રાખું છું કે અસીલ તથા કાછીયા સમાજ આનો સ્વીકાર કરીને મનની કડવાશ કાઢી નાખશે. ભવિષ્યમાં આવી કોઈ પણ બાબતમાં યોગ્ય કાળજી લેવામાં આવશે એની હું ખાતરી આપું છું.

***તંત્રી - નિખિલ બાબુલાલ પરીખ***

# અદેખાઈ

કોઈકનું સારું ન દેખી શકવું તેનું નામ તે અદેખાઈ. જો આપે અદેખાઈથી બચવું હોય તો તમારી પર્સનાલિટીને પુષ્પની માફક ખીલતી અને ખૂલતી અટકાવી દેજો. જેની ક્યારેય પણ અદેખાઈ થઈ ન હોય એવી વ્યક્તિની દયા જરૂરથી ખાજો.

અદેખાઈની સગી જનેતાનું નામ હરિફાઈ છે, અને હરિફાઈની સગી બહેનનું નામ સરખામણી છે. બાળક નાનું હોય ત્યારથી તે યુવાન થાય ત્યાં સુધી ડગલેને પગલે દરેક ક્ષેત્રે તેનાં માતા-પિતા દ્વારા સરખામણી થતી રહે છે. ઘણીવાર આને લીધે બાળકનો વિકાસ-પ્રગતિ રૂંધાય છે અને ઘણીવાર બાપડું બાળક નાહક પરેશાનીનો ભોગ બનતું જોવા મળે છે. માનવ ઈતિહાસમાંએક યુગનું નામ 'ઈર્ષ્યા યુગ' હતું. તમોને જ્યારે લાગે કે સાથી અને સ્વજનો ખાનગીમાં તમારી અદેખાઈ કરી રહ્યા છે ત્યારે અવશ્ય માનજો કે તમે સફળ થઈ રહ્યાં છો.

તમારી ખૂબ અદેખાઈ થાય ત્યારે માનવું કે તમે ખૂબ સફળ થઈ રહ્યાં છો. તમારી અતિશય અદેખાઈ થાય ત્યારે માનજો કે તમે બેહદ સફળ થઈ રહ્યા છો. સફળ થવા બદલ માણસ જે કિંમત ચૂકવે છે એને લોકો અદેખાઈ કહે છે. નસીબદાર લોકો જ આવકવેરો ભરે છે. સફળતાની કિંમત હંમેશા ચૂકવવી પડે છે.

## પૂર્ણ-વિરામ

તમે ઈશ્વરનું બેજોડ સર્જન છો અને તમારી જગ્યા અન્ય કોઈ ક્યારેય ન લઈ શકે તેવો અહેસાસ જો તમને કોઈ કરાવી શકે તો ચોક્કસ માનજો કે એ વ્યક્તિ તમને સાચો પ્રેમ કરે છે.

*એક અદેખો માણસ પોતાનાં*
*જાડા પાડોશીઓને જોઈ*
*પીગળીને પાતળો થઈ જાય છે.*
*અદેખાઈ તો અહંકારની પુત્રી છે.*
*ખૂન અને વેરભાવની કર્તા હર્તા છે.*
*છુપા બળવાની શરૂઆત કરનારી છે*
*અને સદગુણોને સદાય પીડા પહોંચાડનારી છે.*
*અદેખાઈ તો આત્મામાંથી ઝરતો કચરો છે.*
*ઝેર છે અને દ્વેષ છે.*
*અદેખાઈ શરીરની ચરબીને ઓહિયા કરી જાય*
*અને હાડકાનાં માવાને સૂકવી નાખે તેવો પારો છે.*

**- સોક્રેટિસ**

અદેખાઈ કરનારાઓ સાથે જીભાજોડી કરવાં કરતાં એમની ઉપેક્ષા કરવામાં જ શાણપણ રહેલું છે. એ અંદરથી તમારું મૂલ્ય બરાબર સમજે છે.

એ તમારી તાકાતનો આદર કરે છે. તમે જેમનું કશુંય બગાડ્યું નથી એ પણ તમારી પાછળ આદુ ખાઈને મંડી પડે છે. તમારે અધિક કર્મનિષ્ઠ બનીને મૌનપૂર્વક મંડયા જ રહેવાનું છે એમને જવાબ આપવાનું કામ સમયનું છે. તમારું નથી. ઉપેક્ષામાં જબરી તાકાત રહેલી છે.

અદેખાઈનો ભોગ બનેલ વ્યક્તિએ પોતાની ભીતર પડેલી અદેખાઈને પણ તપાસવી રહી અદેખાઈ કરવાથી બચવું એ બહુ મોટી સંપ્રાપ્તી છે. અદેખાઈ યુક્ત માણસ માટે કૃષ્ણે ગીતામાં અનૂસયઃ શબ્દ પ્રયોજ્યો છે.

સાધુઓ-સંતો વચ્ચે પણ અદેખાઈ થતી હોય છે. માનવીની પ્રગતિમાં અદેખાઈનો ફાળો ઓછો નથી. તંદુસ્ત અદેખાઈ-મૂલવણી હંમેશા આવકાર્ય હોય છે. ક્યારેક એના કારણે સમાજને લાભ થાય છે. આપણી તબીયત ના બગાડે ત્યાં સુધી હરિફાઈ અને સરખામણી સારી. અદેખાઈની ભત્રીજીનું નામ એસિડિટી છે.

**- રાજેષ કડકીઆ**

# 'બા આજે ઘરે નો' તાં

***નોંધ :- કેટલીક વાર આપણાં માણસો આપણા માટે એટલો પરિશ્રમ ઉઠાવે છે તેની નોંધ લેવાનું આપણે ચૂકી જઈએ છે. 'જન્મભૂમિ-પ્રવાસી'ની સાપ્તાહિક પૂર્તિમાં પ્રગટ થયેલું લખાણ આપણી સંવેદનાને ઝંકૃત કરી જાય છે.***

જે પરિસ્થિતિ બા માટે વર્ણાવી છે, એજ પરિસ્થિતિમાં 'પત્ની'ને આપણે મૂકીએ અથવા કોઈપણ ખૂબ નજીકનું સ્વજન જે આપણી કાળજી લેતું હોય તેના સંદર્ભે પણ આ લખાણ હૃદયસ્પર્શી બની રહે છે.

પ્રમોદ સવારની મીઠી નિંદર માણી રહ્યો હતો ત્યાં ડોરબેલ વાગ્યો. સાંભળ્યો ખરો, પણ ઊઠવાનું મન ન થયું. ફરી ડોરબેલ વાગતાં પ્રમોદ નાછૂટકે પથારીમાંથી ઊઠ્યો. દરવાજો ખોલ્યો તો સામે છાપાવાળો ઊભો હતો. તેની પાસેથી છાપું લીધું બગાસું ખાતાંખાતાં જ બારણું વાસ્યું ને ફરી પથારીમાં પડ્યો.

જરીક વાર થઈ હશે ત્યાં ડોરબેલ ફરી રણકયો. ગમતું તો ન હતું, પણ ઊઠવું પડયું. બારણું ખોલી જોયું તો સામે દૂધવાળો ઊભો હતો. તેની પાસેથી દૂધની થેલી લીધી. બારણું બંધ કર્યું. દૂધની થેલી ક્યાં મૂકવી? અંદર રસોડામાં ગયો. બે-ત્રણ તપેલી પડી હતી. એકમાં દૂધની થેલી મૂકી દીધી.

પછી કાંઈ ઊંઘ આવી નહીં. આળસ મરડી ઊભો થયો. કોગળાપાણી કર્યા. છાપાં વાંચવાનો પ્રયત્ન કરે ત્યાં ડોરબેલ વાગ્યો. 'આ તે શું છે?' મનમાં ગણગણી જરા આવેશમાં આવી ગયો. બારણું ખોલી જુએ તો સામે મકાનનો ઝાડુવાળો હતો. તે બોલ્યો : 'કચરો આપો.'

હવે પ્રમોદ ખરેખર ગિન્નાયો. શું કરવું? તેની મૂંઝવણ અનુભવી ઝાડુવાળો પામી ગયો હશે તે પૂછવા લાગ્યો : 'બા નથી કે શું? કચરાની ટોપલી અંદર મોરી પાસે હશે...' પ્રમોદ રસોડામાં ફરી ગયો ને અંદરથી કચરાની ટોપલી લઈ આવ્યો. ઝાડુવાળાને આપી. તેણે ખાલી કરી ટોપલી પાછી આપી. આ કામ કરવું બહુ ગમ્યું નહીં, પણ નાછુટકે કરવું પડયું.

પછી થોડી નિરાંત થઈ. થોડો હાશકારો થયો તે સમયે ઝાડુવાળાનો સવાલ મગજમાં ઝબકી ગયો. ટયૂબલાઈટ થઈ કે આ બધાં કામ તેણે કેમ કરવા પડયાં? કારણકે બા આજે ઘરમાં નો'તા. કોઈ વ્યાવહારિક કામે તેમને માસીને ત્યાં જવું પડયું હતું. પછી તરત જ ખ્યાલમાં આવ્યું કે આ કામ તો દરરોજ બા જ કરતાં હતાં. પોતે તો નિરાંતે ઊંઘ ખેંચતો. ક્યારેય ઊભો થયો નથી. આજે બાની ગેરહાજરીને કારણે પોણા કલાકમાં ત્રણ વાર ઊઠવું પડયું. કેવી ઊંઘ આવતી હતી ત્યારે તો! મારી ઊંઘ બગડી તેમ બાની ઊંઘ પણ બગડતી જ હશે ને? એને આવો વિચાર ક્યારેય આવ્યો જ ન હતો.

પછી તો યાદમાં એક પછી એક વાત ઉમેરાતી ગઈ. પ્રમોદને યાદ આવ્યું કે પોતાની મનગમતી ચા બા જ બનાવતી. દરરોજ નવોનવો નાસ્તો બા જ પીરસતી. એ પણ યાદ આવ્યું કે પોતાનો ટુવાલ ઘડી કરીને બાથરૂમમાં દરરોજ કોણ મૂકતું? બૂટ પાસે સોક્સ કોણ રાખી દેતું? વળી પોતે તૈયાર થતો હોય ત્યારે કેવી કેવી બા બૂમો પાડતી? રૂમાલ લીધો? પાકીટ લીધું? પાણીની બોટલ લીધી? ચાવી લીધી ને, ભાઈ? અને હું ચીડાતો. આ શું વાત છે, બા? હું સાવ નાનો કીકલો છું કે...

મૂંગામૂંગા કામ કર્યે જવાની બાની આદત તરફ આજે પહેલી વાર પ્રમોદનું ધ્યાન ગયું. મનમાં અફસોસ થયો કે બા ને આ રીતે કેમ ક્યારેય જોઈ શક્યો નહીં. અરે! મારું સતત ધ્યાન રાખનારી બા તરફ મારું તો ક્યારેય ધ્યાન ન ગયું. બા ના અન્ય સેક્રીફાઈસ પણ યાદ આવી ગયા. નાનાનાના સુખ પીરસનારી બા આજે ખૂબ યાદ આવી. સમજણનો જાણે કે ઉઘાડ થયો. તેને તાલાવેલી થઈ કે બા ક્યારે આવે ને તેના ખોળામાં માથું ઢાળી ફરી કીકલો થઈ જઉં.!

***- મધુભાઈ ભીમાણી***

***(સાભાર 'જન્મભૂમિ-પ્રવાસી' સાપ્તાહિક પૂર્તિ)***

# વિસામો

આ લેખ એટલે વિચરના વૃંદાવનમાંથી નીકળેલું 'ભાવાત્મક સ્વરૂપ'

રાત દિવસ વિચારોના મંથનમાંથી દિશા શૂન્ય થઈ જતું મન અને પછી 'ઈશ્વરેચ્છા બલીયસી' સાથે શાંત થઈ જતી બધી પળોજણ.

વાંચક તમને સૌને થતું હશે આ બધી વાત પાછળનો હેતું શું છે?

જરૂર છે.

વાડાસિનોર આપણી જન્મભુમિ સાથે તુટતો આપણી નવી પેઢીનો સાથ આજે આપણે એવી એક ત્રીશંકુ પરિસ્થિતીના ત્રિભેટે આવી ઉભા છીએ. બધું ધૂંધળું થતું દેખાય છે. માતૃભાષા ગુજરાતી ભુલાતી જાય છે. આપણા બાળકો ગુજરાતી વાંચવાનું બોલવાનું ભુલી જવાના આરે છે. બદલાતા પાશ્ચાત્ય વાતાવરણની એ સ્વાભાવિક દેન છે. એવુજ પોતાના વતન માટે પણ છે. વતનને જનનીનું રૂપ માન્યુ છે. દીકરાઓ આજે ઘરડા માબાપ માટે વૃદ્ધાશ્રમનું સર્જન કરી રહ્યા છે. તે વખતે વતન માટેનો પ્રેમ વિસરાય એ સ્વાભાવિક પ્રક્રિયા ગણાય. પણ આજના આ ભાષાના, અનામતોના અને બીજા નાના વાડાઓથી માનવી માનવીથી દૂર થતો જાય છે. લાગણીના તંતુ તુટતા જાય છે. લાગણી શુન્યતા પ્રસરાતી આપણે જોઈ શકીએ છીએ.

'ભૌતીકવાદ'ના આ યુગમાં આપણે જો કલ્પના કરીશું તો રાવણના જમાનામાં સોનાની લંકા અને ભગવાન શ્રીકૃષ્ણની સોનાની દ્વારકા યાદવોના મદના ચુરથી ડુબી ગઈ આ આવતી કાલનો સંકેત છે. આજનો માનવી આજે જીવન જરૂરીયાતની પરમ સીમા ઉપર જીવતો હોવા છતાંય અસંતોષ-અતૃપ્તિ અને ન સમજાય એવા ઉદવેગ ભર્યા/ તનાવ ભર્યા વાતાવરણમાં જીવી બહાર-જીવનની શાન્તીની ખોજમાં સમુદ્રના મોજા પર અફળાતો હોઈ ભટકી રહ્યો છે.

ત્યારે શું કરવું જોઈએ એ વીચારવાનો પ્રશ્ન છે? આજની જીવન શૈલીમાં માનવી એવો ઓત પ્રોત થઈ ગયો છે એના માટે એની બહારનું વીચારવાનું અસહય થઈ ગયું છે. પણ આતો સમુદ્રના કિનારે છીપલાં વિણવા જેવું છે. ઉંડા ઉતરો તો મોતી મળે. માણસ પાસે બધા માટે ટાઈમ છે. પણ પોતાની જાત માટે ટાઈમ નથી. પોતાની સાથે વાત કરવા, પોતાને સમજવા માટે કોઈ પ્રયત્ન નથી.

આ માટેજ વતન પ્રત્યે તમને નૈસર્ગીક વાતાવરણમાં થોડા દિવસ વિતાવી જીવનમાં જેમ મોબાઈલની બેટરી વાપર્યા પછી રીચાર્જ કરીએ છીએ. આપણે ત્યા જઈ પોતાના વતનની માટીની મહેકમાં થોડા સમય માટે જઈ રહો. એકલા શરીરને લઈને જવાની જરૂર નથી. મનને પણ લઈ જજો. અહીંથી જાવ બધુ ખંખેરીને જજો. જે કૃષ્ણમુર્તિ કહે છે. સુખી થવાની મોટી આવી ચાવી 'માથા ઉપરનો ભાર ફેકી દો' આમાં ઘણું બધું આવી જાય છે.

હવે વતનમાં આજની પ્રજાને શહેરમાં કે હીલ સ્ટેશનમાં મળતી બધી સગવડો હોય તો તેમનું આકર્ષણ વધે તે માટે કચ્છમાં જેમ કચ્છની બહાર વસતા કચ્છી ભાઈઓ માટે સેનેટેરીયમમાં બધી સગવડ હોય છે. ત્યાં જાવ બેગ ખાલી કરી કબાટમાં કપડા ગોઠવી દો. બાકી બધી સગવડ અહીયાં ચોખ્ખા હવા, પાણી અને ખોરાક, ટેન્શન વગરનું જીવન પોતાની જાત સાથે રહેવા માટે આ પ્રયત્ન કરી જોવા જેવો છે.

મારી ઈચ્છા છે. બખલી અતિથિ ગૃહમાં મુંબઈથી આપણા ભાઈઓ માટે સારા બ્લોક, રસોડું અને સગવડ વધારીએ તો યંગ જનરેશન તેમના મિત્રો સાથે સાથે વાડાસિનોરના નૈસર્ગિક સૌંદર્યમાં મીની હીલ સ્ટેશનનો લાભ પણ મળે, આજુ બાજુ વેરાયેલી વનરાજી જીવનમાં નવી ચેતના ભરી દેશે.

આ લેખ લખવા પાછળ આપણા મુંબઈમાં અને બહાર વસતા વાડાસિનોરના વતનીઓના પ્રતિભાવ જાણવા છે. પછી આગળ આ બાબતમાં વધવાનો વિચાર કરી શકાય.

ચાલો હાલ પુરતું આટલુ જ.

ફરી મળીશું તમારા અભિપ્રાય જાણ્યા બાદ.

***બખલીવાલા અતિથિ ગૃહ, નવીનભાઈ ચીમનલાલ શાહ***
***પ્રમુખશ્રી તથા સંચાલક મંડળના ટ્રસ્ટીશ્રીઓના જૈ જૈ શ્રી ગોકુલેશ***

# એક વ્યથીત હૃદયી બાપની દર્દભરી વિનંતી

આજ કાલ હાર્ટને લગતી બીમારીમાં ઉછાળ આવ્યો છે અને જુવાન હૈયાં તેમાં સપડાય છે. યોગ્ય ટ્રીટમેંટ તાત્કાલીક ન મળતાં મૃત્યુના અકાળે શિકાર બને છે. મારો પોતાનો જુવાન જોધ પુત્ર જેના નખમાંયે રોગ નહોતો તે ડૉકટરના ભરોસે ગુમાવવામાં આવ્યો, મારા જેવો દુઃખદ અનુભવ બીજાને ન થાય તે માટે સર્વેને એક દર્દસભર વિનંતી કરૂં છું.

ફેમીલીમાં જો કોઈને પણ હાર્ટ બાબતની તકલીફ ઉભી થાય તો નિષ્ણાત ડોકટરની ટ્રીટમેંટ અવશ્ય લેજો પણ જો હોસ્પીટલાઈઝ થવાનો વખત આવે તો હાર્ટ બાબતની છેલ્લી ઢબની સર્જરીની વ્યવસ્થા મળે તેવી બોમ્બે, જસલોક, બ્રીચકેન્ડી, ખંભાલા, લીલાવતી, એસીઅન હાર્ટ કે બાલાજી જેવી હોસ્પીટલમાં જ જજો. ભૂલે ચુકે બીજે જતાં નહીં. અમે ભૂલનો ભોગ બન્યા છીએ તો આટલી મારી વિનંતી ધ્યાન પર લેજો. હાલના જમાનામાં બધાના મેડીકલેઈમ છે જ, ન હોય તો એ જો સક્ષમ ન હોય તો આપણે ત્યાંની સેવાભાવી સંસ્થાઓની મદદ લેજો પણ અકાળે મૃત્યુને નોતરતાં નહીં. - એજ વિનંતી.

***- રસિકલાલ મણીલાલ લાકડાવાલા***

# ધનને વાવો

આપણા વડવાઓ ધનને દાટી દેતાં જમીનમાં, ઘરમાં, ખેતરમાં કે ઘરની તાકાબારીમાં, પણ આતો ધન સચવાઈ રહે, કોઈ ચોરી ન જાય, એ માટેની વ્યવસ્થા, કાળજી થઈ જ્યારે ઉપરનું ટાઈટલ, હેડિંગ કંઈક જુદો જ અર્થ ઘટાવે છે. 'ધનને વોવો' અરે લક્ષ્મીજી એટલે જ ધન, એમને તો કાંઈ વવાય? હા અનાજનું બિયારણ વાવીએ ખેતરમાં તો કણમાંથી મણ ઉગે. 'જેવું વાવો તેવું લણો' આ તો કહેવત થઈ. લીમડો કડવો વાવીએ અને આંબાની કેરીની આશા કરીએ એ સોચ સાવ જ નકામી. ઘઉં વાવો તો ઘઉં મળે, ચોખા વાવો તો ચોખા, અને બાજરી વાવો તો બાજરીનો પાક મળે. કણમાંથી મણ થાય. એક વાર્તા કહો કે સત્ય હકીકત, એક સસરાએ પોતાની ચારે વહુઓની પરીક્ષા લીધી. દરેકને એક એક ડબ્બામાં મીક્સ અનાજ મુઠ્ઠીભર આપ્યું અને કહયું કે આ દાણા સાચવી રાખો. બધી વહુઓ વિચારમાં પડી, ડોસાની બુદ્ધિ સઠયાઈ ગઈ છે. પરંતુ એક વહુ હોંશિયાર હતી, તેણે દરેક દાણા વીણીને છૂટા પાડ્યા, અને જમીનમાં ચારે બાજુ જુદા જુદા વાવી દીધા, વહેલી સવારે ઉઠી પાણી નાંખતી ખેતરની એ જમીનમાં અને છાણ-વાસીદું કરતી ત્યારે તે ખાતર તરીકે નાંખી આવતી. ધીમે ધીમે તે અનાજ અંકુરીત થયું અને ચાર છ મહિને તે પાકી અનાજ તૈયાર થયું, ઘઉં વાવ્યા ત્યાંથી ઘઉં, ચોખા વાવ્યા ત્યાંથી ચોખા, બાજરી, તલ, અને મગ એમ ખેતર વાઢી પાકમાંથી દાણા કાઢયા, કોઠીઓ ભરાઈ ગઈ. એક દિવસ તેને સસરાને જમવા બોલાવ્યા, ચારે વહુઓ એક જ ઘરમાં પણ જુદા જુદા રૂમોમાં ઓરડામાં રહેતી હતી. તેણે ઘઉં દળી ફાડા કાઢી મીઠો ખીચડો બનાવ્યો, મગ અને રોટલા બનાવ્યા, અને મિક્સ અનાજમાંથી તીખો ખીચડો બનાવ્યો, સસરા જમતાં જાય અને વિચારતાં જાય કે આજે આ વહુ કેમ મહેરબાન છે મારા પર, તલ વાવ્યા હતાં તેમાંથી તલના લાડુ (ચીકી) બનાવ્યાં હતી. પછી એણે વાત છેડી કે બાપુજી તમને યાદ છે કે આજથી છ મહિના પહેલાં તમે મને મિક્સ અનાજ ભરેલી ડબ્બી આપી હતી આ તેનો જ પ્રતાપ છે. પછી જમાઈ ગયું એટલે ઓરડામાં લઈ ગઈ બંધ ઓરડો ખોલી તેને કોઠીઓ ભરેલી બતાવી ઘઉં, ચોખા, બાજરી, મગ, અને તલની. સસરા તો અચંબો પામી પૂછ્યું કે આ બધું ક્યારે ખરીદ્યું? તમે આપેલી ડબ્બીના દાણા છૂટ્ટા પાડી વહેલી સવારે વાવી દીધા ચારે ખૂણે રોજ સવારે ઉઠી પાણી નાંખતી અને છાણ વાસીદું કરીને ખાતર નાંખ્યું અને આજે આ કોઠીઓ ભરી છે, એ આ ડબ્બીમાંના અનાજનો જ પ્રતાપ? કહેવાની જરુરત નથી કે બીજી ત્રણેય વહુઓએ ડબ્બીનું અનાજ ક્યાંય ઉડાવીને ફેંકી દીધું હતું.

કણમાંથી મણો અનાજ ઉગી નીકળ્યું હતું. હવે પ્રશ્ન એ ઉઠે છે કે અનાજ વાવીએ તો કણ માંથી મણ અનાજ ઉગે પરંતુ આ ટાઈટલ તો ધનને વાવવાની વાત કરે છે. 'ધન વાવો'? એક બાળ માનસને રબર (ભૂંસવાનું)નો ટૂકડો વાવી તેમાંથી રબરનું ઝાડ ઉગાવવું હતું. પછી તેને સમજાવવામાં આવ્યું કે ઝાડના થડમાં કાપા કરી બાલદીઓ ટાંગી રસ ભેગો કરી ફેટકરીઓ લઈ જાય ત્યાં તેને ઉકાળીને તેમાંથી રબર અને અનેક શેપ આપી તેમાંથી ટાયર વગેરે બનાવાય છે. રબર વાવે રબર ન મળે તેની પ્રતિક્રિયા પછી તેમાંથી જે ઢાંચામાં ઢાળો એ રીતનો તમને પરિણામ ઘાટ મળે છે. હવે તમને સમજાઈ ગયું હશે કે ધનને વાવો એટલે ધનને વાવવાનું નથી. એ ધનથી પુણ્ય બટોરવાનું છે.

જેવી રીતે આપણને સવાર પડેને રૂપિયાની જરુરત પડે છે. એજ રીતે જીવ માત્રને જરુરીઆત અનુસાર ખાવા પીવાનું જોઈએ તો હવે ભાગ્યવશાત તમારા ઘર પર લક્ષ્મીજી મહેરબાન છે. આગલા સંચિત કર્મ, યા વડીલોની આશિષથી તમારા ઘરમાં લક્ષ્મીજી ઝમઝમ રમતાં હોય એમને આ ધનમાંથી થોડા દાણાની જેમ લક્ષ્મીજીને, 'ધનને વાવવાનું' છે. આ ધનને વાવવાથી શું તમને મળશે? તમારું વાવેલું ધન પહેલું તો તમને જ કામ આવશે. મૂડીના રોકાણથી જે મળે તે તમને કામ આવશે, તમારા બાળકોને કામ આવશે, આ ધનથી પુણ્ય બટોરાશે, પરભવનું પુણ્ય બની રહેશે, આગલી પેઢી અને બીજાને કામ આવશે, જો દાનમાં અપાય તો. એટલે કે વાવવાનું તો છે. સંસ્કારનું બીજ, આપણા ઘરમાં છમછમ રેલાતી લક્ષ્મીજીને તમારા ઉપભોગમાંથી તોડી, થોડી કટોતી કરીને વાવવાની છે. 'વસુધૈવ કુટુબકમ્'ની ભાવના કેળવો બાળકોમાં આ સંસ્કારનું બીજ વાવો, કોઈની ભૂખ ભાંગો, કોઈના તન ઢાંકો, કોઈને રહેવા, છોટીસી ઝુંપડી આપો, હવે આ બધું જીવને પોરું કરવાથી કરી શકશો. જીવનમાં દયા, કૃપાના બીજને અંકુરીત કરો. તમે જેટલું અનાજ વાપરતાં હોય તેમાંથી થોડું બીજાની ભૂખ ભાંગી શકો તો? બીજાના તન ઢાંકો તો? બીજાને ઘર આપો તો ? તમે પોતાના માટે મોજશોખ માટે જે વાપરતાં હોય તેમાં થોડી કટોતી કરો. છ વાર અમેરિકા ફરવા જાવ યા બાળકોને મળવા જાવ તો એકવાર ટીકીટના પૈસા બચાવી 'વસુધૈવ કુટુંબકમ્' મનમાં ધરો કે હું, મારા બાળકોને મળ્યો તો? મરવાનું આવે ત્યારે નથી બાળકો યાદ આવતાં કે નથી બાયડી કે નથી વરજી, જીવ એકલો જ જાય છે. હર જીવમાં શ્યામશ્રી બીરાજે છે એ જ ધ્યાનમાં લો. આ 'ધન વાવો'નું ટાઈટલ તમને પરભવનું પૂણ્ય બટોરી આપશે. તમારો ધન ભંડાર છલકાઈ જશે.

તમારું નામ રહેશે અમર, પરભવનું પુણ્ય પૂંજી બની સાથે આવશે, જીવનમાત્રની ક્ષુધા તૃષાને જાણોને કંઈક કરવાની મનમાં નક્કી કરી લો. વરસના બાર નાટક યા સીનેમા જોતા હો તેમાંથી કટોતી કરો. ષષ્ઠી પૂર્તિ પછી પરીગ્રહ ઓછો કરી પરભવનું પૂણ્ય બટોરો. સંચિત કર્માનુસાર નખશીખ સુંદર, સુદ્રઢ અને ઉચ્ચ સંસ્કારી કુટુંબમાં જન્મ ધરી, મોટાં થયા, વિદ્યા મેળવી, લગ્ન કરી સુંદરશી નાર મેળવી, બાળકો થયા મોટા કર્યા તેમને પરણાવ્યા અને તેમના બાળકોના દાદા દાદી બન્યા અત્યાર સુધી તો સાંસારિક જીવન વિતાવ્યું, ઠીક છે થોડું પ્રભુનામ લીધું, દેવ દર્શન કર્યા, જાત્રા કરી આનંદ મેળવ્યો થોડી થોડી સેવા સત્સંગમાં મન પરોવ્યું, આ સામે પલડે પ્રભુએ આપેલું જીવનનું સુખ ભારી થઈ નમતું રહે છે જ્યારે તમારું પલડું ક્યારે અને કેમ કરીને નમતું થશે? એવી સોચ મનમાં ધરો? ગયા એટલાં જશે નહી વર્ષો, દિન, તો પ્રભુજીની સહચરી લક્ષ્મીજીને પ્રેમ પૂર્વક નવાજો ને વહેતી કરો. યાને કે 'ધનને વાવો'. તમારીને તમારા બાળકોની જીવન વાડી મઘમઘતી કરો. આ પલડાંને નમતું કરવા તમારે માત્ર-માત્ર બીજાની ભુખ, તૃષા અને મઢુલી આ ત્રણ વસ્તુ ઉગાડવા ધનને બોવાની જરુરત છે. અંતિમાએ આંખોનું દાન-ચક્ષુ દાન જરુરથી કરવાનું જ એ નિશ્ચયને ખૂબ જ પ્રેમથી અંકુરિત કરવાનો જ છે. આ બધું પૂણ્ય બટોરવા માટે તમારું ધન અને તેના થોડાક કણને બોવો જેથી પુણ્યાઈના કોઠાર ભરાશે. તમને, તમારા બાળકોને, ઘરનાં સ્વજનોને પૂણ્યાઈથી નવાજશે, હા માત્ર જાણવાની છે ભૂખ્યા જનોની ભૂખ, તૃષા, મઢુલી અને કપડાં, આ ધન બોવો એટલે જરુરથી અંકુરીત થશે જ થશે. અજમાયશ કરી જોજો. આપના ધનમાંથી નાની ડબ્બીના દાણાની જેમ બોવી દેજો. એજ અભ્યર્થના.

**- ઉષા એસ. ધારીઆ**

# ગાબડાં ન હોય તો કેવડિયાથી બાડમેર ૨૦૦ કલાકની સફર !

***સ્થળ :*** ખેડા જિલ્લાના દેસર ગામ પાસેનો વિસ્તાર. ભારતમાં એકમાત્ર એવી અજાયબ ઘટના અહીં આકાર લે છે. અડધો કિલોમીટર પહોળી નદી પરથી બીજી એક વિશાળ નદી' અહીંથી પસાર થાય છે. નીચે પસાર થતો જળપ્રવાહ એ સાગરની ઉપમા પામેલી મહી નદી છે. જ્યારે ઉપર છે, ગુજરાતના એન્જિનિયર્સની કમાલ એવી નર્મદા મેઈન કેનાલ! ૫૩ કલાક અને ૧૪૨ કિલોમીટરનો પ્રવાસ કર્યા બાદ નર્મદા કેનાલનું પાણી અહીં પહોંચે છે.

યસ્સ, નર્મદા નદીમાંથી નીકળતી બહુચર્ચિત કેનાલ. નર્મદા નહેરની 'ગંગોત્રી' એવું સરદાર સરોવર તો દાયકાઓથી વિવાદોમાં છે. તાજેતરમાં સુજાતપુરા ગામે પડેલા ભંગાણથી કેનાલ પણ અખબારોના મથાળામાં આવી છે. ભ્રષ્ટાચારના ગાબડાં કેનાલમાં દેખાય છે, પરંતુ ઈજનેરી ડબાના નમુનારૂપે આ કેનાલની રાજસ્થાન સુધીની સફર અત્યંત રોમાંચક છે. આપણને સહેજે સવાલ થાય કે પાણીનું વહેણ સાગાર સરોવરથી નીકળે ત્યાંથી લઈને રાજસ્થાનના છેલ્લા પોઈન્ટ સુધી તેને પહોંચતાં કેટલો સમય લાગે? 'અંદાજે ૨૦૦ કલાક', સરદાર સરોવર નર્મદા નિગમનાં કેનાલ ડાયરેકટર એસ.જે દેસાઈ કહે છે, 'કેવડિયાથી છોડેલું પાણી રાજસ્થાનનાં છેલ્લા સ્થાને પહોંચે ત્યારે આઠમો દિવસ હોય.'

કેવડિયાથી રાજસ્થાનના બાડમેર સુધી પહોંચતી નર્મદાની મુખ્ય કેનાલ ૫૩૩ કિ.મી. લાંબી છે. તેમાં ૪૫૮ કિ.મી. ગુજરાતમાં અને બાકીના ૭૪ કિ.મી. રાજસ્થાનમાં પડે છે. મુખ્ય કેનાલમાંથી નીકળતી સબ કેનાલ મારફતે પૂરા ગુજરાતમાં ફેલાયેલી આ નહેરો ગુજરાતની ધમની અને શિરા બંને છે તેમ કહીએ તો કશું ખોટું નહીં લેખાય. કેનાલની બંને બાજુએ ઢોળાવવાળા છેડાનો ઉપરનો ભાગ ૧૦૪ મીટર પહોળો છે, જે તળિયે ૭૩.૫ મીટર થઈ જાય છે. જ્યારે તે ૯.૧ મીટર ઊંડાઈ ધરાવે છે, જેમાંથી ૭.૬ મીટર સુધી તો પાણી ભરાયેલું રહે છે. ( હવે સમજાયું, આ કેનાલમાં નાહવાની કેમ ના પાડવામાં આવે છે!) મતલબ કે એક કૃત્રિમ નદી કરતાં જરા પણ ઉતરતી નહી!

કેવડિયા ખાતે બંધની જમણી તરફ ચાર તળાવ છે. ડેમના ઉપરવાસમાં ૧૦ મીટરની ટનલમાંથી નીકળતો પાણીનો 'મેગા' પ્રવાહ એક પછી એક એવા ત્રણ તળાવ પસાર કરે. તળાવ નંબર ચાર એ આ કેનાલનું ઉદ્ભવ સ્થાન. આ સ્થાનને '૦' કિમી. કહેવામાં આવે છે. '૦' કિમી ખાતે આઠ દરવાજામાંથી ૪૦,૦૦૦ ક્યુસેક પાણી દર સેકન્ડે વહે છે. સિંચાઈ અને પીવાના હેતુસર કેનાલમાં છોડાતો આ દુનિયામાં સૌથી મોટો જથ્થો છે! 'ગ્રાઉન્ડ ઝીરો' પાસે૧૦૪ મીટર પહોળી કેનાલ આગળ જતાં સાંકડી થાય છે. રાજસ્થાનમાં તો તે ૨૦ મીટર પહોળી અને અઢી મીટર ઊંડી થઈ જાય છે. ત્યારે પાણીનો પ્રવાહ હોય છે, ૨૫૦૦ ક્યુસેક. નર્મદા નિગમના ચેરમેન એન.વી.પટેલ કહે છે, 'કેવડિયાથી રાજસ્થાન સુધીનું પાણી ગ્રેવિટીથી (પંમ્પિંગ સિસ્ટમ વગર) પૂરું પડાય છે. ૪૦,૦૦૦ ક્યુસેક પાણી ૫૩૩ કિમી. સુધી ગ્રેવિટીથી પૂરું પાડવું એ એક અભૂતપૂર્વ ઘટના છે.'

જંગલથી રણ સુધીની સફરમાં મેઈન કેનાલ પાંચ મોટી નદી, ૧૫ જેટલી મધ્યમ નદી, ૧૦૦ જેટલા નાળાં કે નાની નદી, ૧૬ રેલ્વે બ્રિપજ અને ૨૪૭ હાઈવે બ્રિજને ક્રોસ કરે છે! કેવડિયાથી ૨૯ કિ.મી.

આગળ વધતા હેરણ નદી આવે. અહીં નદીની નીચેથી કેનાલ વહે છે! આ સ્થાન કેનાલનું પ્રથમ મોટું ક્રોસિંગ છે. આગળ જતાં નાનીમોટી નદીઓ પસાર કરે. ક્યાંક કેનાલ ઉપરથી વહે છે તો ક્યાંક નદી નીચે વહેણ બનાવવામાં આવ્યું છે. ૧૪૨ કિમી પર 'મહાકાય' મહી નદીનું વહેણ આવે. ત્યાં આગળ નદીનો પટ ૬૦૨ મીટર પહોળો છે. આપણા ઈજનેરોએ મહી નદી પર પુલ બનાવીને કેનાલ પાસ કરી છે. આ પુલ ભારતમાં એક નોંધપાત્ર ઘટના છે. કેનાલ ડાયરેકટર એસ.જે. દેસાઈ કહે છે, 'પાણીના રાજસ્થાન સુધીના રસ્તામાં મહી ઉપરાંત સાબરમતી, બનાસ, ખારી જેવી મોટી નદીઓ પડતી હતી. એ ચેલેન્જ અમે સફળતાપૂર્વક પાર કરી.' ૧૯૮૭માં શરૂ થયેલી આ કેનાલ ૨૦ વર્ષ બાદ પરિપૂર્ણ થઈ છે. ૨૨૯ કિમીની સફર પર કેનાલને સાબરમતી નદીનો ભેટો થાય છે. નર્મદાથી નીકળેલા પાણીની ૮૫ કિમીની સફર પૂરી. ગાંધીનગર નજીકની દસ્ક્રોઈ બ્રાન્ચ પાસે સાબરમતીનો પટ ૫૩૦ મીટર પહોળો છે. અહીંયાં નદીની નીચેથી કેનાલ પસાર થાય છે. જ્યાંથી પાણી આગળ ઉત્તર તરફ જાય છે. આ જગ્યા પર કેનાલની પહોળાઈ છે. અંદાજે ૬૦ મીટર. આગળ જતાં કડી પાસે 'વાય' જંકશન આવે. વાય જંકશન એટલે સૌરાષ્ટ્ર અને કચ્છ તરફનો ફાંટો.

ઉત્તર ગુજરાત તરફની કેનાલની સફરમાં ખારી, પુષ્પાવતી, રુપેણ અને સરસ્વતી નદીઓ આવે છે. આ બધી જ નદીઓનાં તળ(પ્રવાહ) નીચેથી કેનાલ વહે છે! ઉત્તર ગુજરાતની બનાસ નદીનો પહોળો પટ એટલે કેનાલનું સૌથી કપરું કામ, રાધનપુર પાસે બનાસ એક કિમી. જેટલી પહોળી છે. બનાસને પસાર કેવી રીતે કરવી તે આપણા ઈજનેરો માટે યક્ષપ્રશ્ન હતો. નદી નીચેની કેનાલની લંબાઈ પર અંદાજે ૧૭ જેટલા વિશાળ બેરલ બનાવી કેનાલને નદીની નીચે ક્રોસ કરાવી છે. ભારતની કોઈ પણ નદી નીચેથી નર્મદા કેનાલ જેટલો પ્રવાહ વહેતો નથી. જેમ પાણીનો પ્રવાહ આગળ વધે તેમ કેનાલની સાથે પાણીનો જથ્થો પણ ઘટતો જાય છે. આગળ જતાં બનાસકાંઠાના રડકા ખાતે ગુજરાત કેનાલની ૪૫૮ કિમીની મુસાફરી પૂર્ણ થાય છે. કેવડિયાથી ગુજરાતના છેલ્લા ગામ પહોંચતાં પાણીને કેટલો સમય લાગે? જવાબ છે: ૧૭૧ કલાક. અંદાજે ૭ દિવસ!

કોઈ નર્મદાની કેનાલને તીરે તીરે પ્રવાસ કરે તો અદ્‌ભુત પ્રવાસવર્ણન મળે એ નક્કી!

- b.devsi@guj.bhaskarnet.com

## 'ઘર એક અસ્તિત્વ'

નમણા સા નાજુક સા આ ઘરને
ના સમજો તમો નિર્જીવ.
આત્માની આંખોથી નિહાળશો
તો! તે પણ જુએ છે. વિચારે છે.
પગં નથી છતાં પણ ચાલે છે.
બોલતુ નથી છતાં પણ કંઈક કહે છે.
અનેક ચડતી-પડતીથી રંગાયેલું
આ ઘર એક મંદિર છે.
સુખમાં ભાગીદાર, દુ:ખમાં સહિયર.
કોઈ જન્મે છે તો કોઈ મરે છે,
છતાં પણ તે અચળ છે.
તે કોઈનું પીયરયું છે તો કોઈનું સાસરીયું.
ચાર દિવાલોથી ઘેરાયેલું...
આ ઘર વડીલોનું જીવન છે.
આપણી જીંદગી સાથે જોડાઈ ગયેલું
હાલતુ ચાલતુ અંગ છે.
છતાં પણ તેને કોણ સમજે છે.
કે...ઘર એક અસ્તિત્વ છે.

**- સુરેશ પરીખ (સુલપ)**

# ધર્મપાલન

એક સમી સાંજે મિત્ર મારે ઘેર આવ્યો અને કહ્યું,'ચાલ ફરવા જઈએ. અમે ફરવા ગયા. રસ્તામાં કૃષ્ણનું મંદિર આવ્યું મેં દર્શન કરવા જવાનું કહ્યું દર્શન કરી બહાર આવ્યા પછી મેં જોયું તો મિત્ર બહાર ઊભો હતો. મેં પુછ્યું કેમ દર્શને ગયો નથી. તેણે કહ્યું દેવી અંબામાતા સિવાય કોઈના દર્શન કરવા જતો નથી. મેં કહ્યું હું કહું છું તે સાંભળ પછી વિચાર મેં જે, કહ્યું તે ખરું છે કે ખોટું આપણે ઈશ્વરે રચેલી આસ્થામાં પશુ, પક્ષી, જાનવર, માનવોની સાથે સાથે જડ ચેતન વગેરેને પણ જોઈએ છીએ. આ માયાના રચીયતા ભગવાન વિષ્ણુ છે. આ સૃષ્ટી બનાવતી વખતે એક બીજા માટે  કોઈપણ ભેદભાવ રાખ્યા નથી. ઉદાહરણ તરીકે સમજી એ તો કૃષ્ણાવતારમાં ગોકુલવાસી રહી કનૈયા પાછળ ઘેલા થઈ ગયા. કનૈયાના મોટા થયા પછી કૃષ્ણની સાથે એવી પ્રીત બંધાઈ કે તેના ભાવભેર કીર્તન ગાવા લાગ્યા. કીર્તન ગાવા સર્વે વૈષ્ણવો ભેગા થતા. એક બીજા સાથે મતભેદ, ઉંચ, નીચ, ગરીબ, ધનવાનનો ભેદ રાખતા નહી -અલ્લારખા અને રહેમાન પણ આવી પ્રેમ પૂર્વક કીર્તન કરતા જાતે મુસલમાન હોવા છતાં કૃષ્ણ પ્રત્યે તેમનો અનોખો પ્રેમ હતો. સુદામા, નરસીંહ મહેતા, મીરાબાઈ વચ્ચે ભેદ રહેતો નહોતો. રામ અવતારમાં શબરીના બોર ખાવામાં રામે ભેદ રાખ્યો નહતો. આ ઉપરથી સમજાય છે કે ભગવાન કોઈપણ જાતનો ભેદ રાખતા નથી. ભગવાને ભક્તો માટે જુદા જુદા માર્ગો બતાવ્યા છે. તે માર્ગે જઈ પ્રભુ પ્રાપ્તી કરી શકે છે. હિંદુઓમાં પુષ્ટીમાર્ગ, શીવમાર્ગ, દેવ, દેવીઓનો માર્ગ છે. મુસલમાનોમાં શીયા, સુન્ની, ઈસાઈમાં પણ માર્ગ બતાવ્યો. આજના આપણા આચરણથી દરેક ધર્મમાં ભેદભાવ વધી ગયો છે. આથી સર્વધર્મમાં ન થવાનું થતું જાય છે. ભગવાન આ બધું સમજે છે અને વિચારે છે કે હું આ બધા ધર્મનો સ્થાપક હોવા છતાં દરેક માર્ગમાં ભક્તજનોએ મારા બનાવેલા માર્ગે જવું જોઈએ અને ધર્મની બાબતમાં આચરણ સુધારવું જોઈએ અને તેમાંજ સૌનું કલ્યાણ છે.

***'સુમન' - સુરેશ મણીલાલ દેસાઈ***

## જોયું છે મેં!

મૃત્યુને નજદિકથી નિરખ્યું છે મેં,
ધીમે પગલે સ્વથતાથી આવે તે,
મૂક પ્રેક્ષક થઈ ઉભા રહેવા વિના,
આપણું ચાલે નહિ, જોયુ છે મેં.
હોય છો કરોડોપતિને
ડૉકટરોની ટીમ હો,
શેહમાં આવ્યા વિના,
લઈ જાય છે, જોયું છે મેં.....
પિયરે લઈ જાવા કાજે,
બંધુ આવે સાસરે,
ઈશ પાસે લઈ જાવા કાજે,
આવે યમ, જોયું છે મેં.....
સ્વસ્થ ચિત્તે કો વિરલ,
મૃત્યુને વરતા હોય છે.
પિયુમિલનની આશમાં,
હોય મસ્ત ને, જોયું છે મેં.....
મૃત્યુને કોઈ શોકનો,
અવસર કદિ ગણશો નહિ
એ તો પ્રભુ મિલન તણુ,
છે દ્વાર એ, માન્યુ છે મેં.....
એ તો કયામતનો દિવસ છે,
આપવાને હિસાબનો
સત્કર્મનું ભાથું લઈને,
કોઈ જાય હસતો, જોયું છે મેં.....

***- સતીષચંદ્ર પરીખ (રોકડીયા)***

## (World Biggest Aqueduct)

# ઈજનેરી વિશ્વની અજાયબી

બાલાસિનોર નજીક (૧૫km) આવેલ, વણાકબોરી થર્મલ પાવર હાઉસ પાસે કેસર ગામ છે, જ્યાં ઈજનેરી વિશ્વની અજાયબી આવેલ છે. (World Biggest Aqueduct) વિશ્વનો સૌથી મોટો જળસેતુ, જે ગુજરાતની ન-૨ મહિસાગર નદી ઉપરથી ગુજરાત નં.૧ નર્મદા નદીની મેઈન કેનાલ પસાર થાય છે. ૫૩ કલાક અને ૧૪૨km પ્રવાસ કર્યા બાદ, નર્મદા કેનાલનું પાણી નર્મદા નહેરની ગંગોત્રી એવુ સરદાર સરોવર માથી નીકળી અહી પહોંચે છે. આ જળસેતુ ૬૦૨.૫ mtr. લાંબો અને ૩૪.૫ mtr ઉંચો બનાવ્યો છે. જેમા પ્રત્યેક સેકન્ડે ૪૦,૦૦૦ ક્યુસેક પાણી ૧૦૦Ft ઉંચાઈ એથી મુખ્ય નહેરમા પસાર થાય છે. જે માટે 6.10mtrx 7.6mtr નાં કુલ ૮ બોગદા(Tunnal) બનાવવામાં આવ્યા છે. જેમા સૌથી મુશ્કેલ કામ પાયા (Piller) નું હતુ જેમાં ૩૨ પાયા (Piller) પર આ બનેલ છે, જેમા નં-૨૦ પાયો બનાવવો ખુબજ મુશ્કેલ હતો જે બનાવવા મહિ નદીમાં 113ft ઉડો પાયો ખોદીને બાંધેલ છે આપણા માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે આ બધાજ પાયા નું કામ તેમજ નં.૨૦ પાયાનું કામ આપણા ગામ ના સીવીલ એન્જીન્યર દ્વારા પાંચ વર્ષે ખુબજ પરીશ્રમ કરી અડધો પ્રોજેકટ પુરો કરી નિવૃત આજ કામ પર થયા હતા. પ્રોજેકટ પૂરો થતા સુધી 175cr ખર્ચ થયો હતો. લખવાનું કારણ એજ કે આપણા ગામ નાં અને સમાજનાં લોકો આનો લાભ મલે.

***- સંકલન - મયુર શાહ (ઠાસરાવાળા)***

***વધુ વિગત માટે દીવ્યા ભાસ્કરમાં પ્રગટ થયેલ લેખ વાંચો***

## વેદના વસંત કેરી

વિતાવેલ મધુર દિવસો યાદ આવે છે.
દોસ્તીને મસ્તી ચાંદની ભરી રાત
પ્રેમ ભીનું ઝાકળ ધૂળ ભરી સાંજ
ગામ નું તળાવ ક્રિકેટ ઘેલું ગામ
મન ભરી માણવું તું જીવન ભર તમામ
કિસ્મત કહો કે સમય ની થપાટ
વસંત ના શોરથી પાનખરની જાળમાં
નથી ગામની ધૂળ કે દોસ્તી ની મસ્તી
યંત્ર કેરી દુનિયા માત્ર માનવ વસ્તી
જાણુ છું કે એ સમય પાછો નહીં મળે
પણ દિલના ખૂણે ગામની એ વેદના
વસંત કેરી ડંખ્યા કરે છે હજી.

***- રૂપલ રંજનીકાન્ત પરીખ (વડદલાવાળા) કાંદિવલી.***



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબૅન કાંતિલાલ દૉશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તારીખ ર૯મી જુલાઈએ બપોરે ૨.૩૦ વાગે હિન્દી વિદ્યા ભવન સ્કુલના ઓડિટોરીયમમાં રમતગમતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ૩૩૦ બહેનોએ ભાગ લીધો હતો અને કુલ પાંચ રમતો રમાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરલાબહેન વસંતલાલ પારેખ તરફથી રૂા. દસ હજાર વિજેતાઓના ઈનામો માટે મહિલા વિભાગને આપવામાં આવ્યા હતાં. મહિલા વિભાગ સરલાબહેન તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

અમને જણાવતા આનંદ થાય છે કે મહિલા વિભાગની કમીટીની બહેનો તેમજ વોલિંટીયર્સની ટીમે મળી ભાગ લેનાર સહુ બહેનોને રમતો રમાડી હતી. લખવાની સવાલ-જવાબની રમતમાં જનરલ નોલેજ, રોજીંદી લાઈફમાં વપરાતા abbriviations તથા ધાર્મિક વિષયને આવરી લેવામાં આવ્યા હતા. દસ બહેનોના ગ્રુપમાં આ રમત રમાડવામાં આવી હતી. આ રમતમાં વધુમાં વધુ માર્કસ મેળવનાર પાંચ ગ્રુપ એટલેકે પચાસ બહેનો વિજેતા બની હતી. ડાઈસના નંબર પ્રમાણે Face દોરવાની, માથામાંથી રીંગ પહેરી પાસ કરવાની તથા લીંબુ ચમચાની Individual રમતો રમાડવામાં આવી હતી. જેમાં દરેક રમતમાં પહેલી છ આવનાર બહેનો વિજેતા બની હતી. બેબી ડેકોરેટીંગની રીલે રેસ દસ બહેનોના ગ્રુપમાં રમાડવામાં આવી હતી. આ રમતમાં પાંચ ગ્રુપની પચાસ બહેનો વિજેતા બની હતી. સહુ વિજેતાઓને સરલાબેન વસંતલાલ પારેખ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતાં. તથા કાર્યક્રમના અંત સુધી હાજર રહેનાર સહુ બહેનોને મહિલા વિભાગ તરફથી કાચના જગ ગીફ્ટમાં આપવામાં આવ્યા હતાં. નાસ્તાનું કાઉન્ટર સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ચાલુ રાખવામાં આવ્યુ હતું. બહેનો ગરમ નાસ્તાને ન્યાય આપી ગીફ્ટ લઈ રમતગમત દરમ્યાન મળેલ નિર્દોષ આનંદને વાગોળતા સાંજે ૫.૧૫ કલાકે છૂટી પડી હતી. મહિલા વિભાગ દાતા સરલાબહેનનો તથા ખડે પગે રહી સુંદર રીતે રમતો રમાડનાર વોલિંટીયર્સ બહેનોનો, તેમજ રમતગમત દરમ્યાન શિસ્ત જાળવી સહકાર આપનાર સહુ બહેનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

***મિનોતી શાહ - સંયોજક, મહિલા વિભાગ***

## આગામી કાર્યક્રમ

તારીખ : ૧૮મી ઑગસ્ટ ૨૦૦૮- સોમવારે
સમય : બપોરે ૩.૦૦ કલાકે,
સ્થળ :- લાડની વાડીમાં

સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પૂજ્યપાદ કાંલિંદીબેટીજી પધારશે. આપશ્રી વિવિધ પ્રકારના હિંડોળા, તેનો ભાવ તથા હિંડોળાના કિર્તન સમજાવશે.

## અંત-વાણી

જમીન ખેડે એ હળ-પતિ ને
ઝેર ઓકી જોરૂને વખોડે તે હળાહળ-પતિ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ



## (ઉપનગર વિભાગ)

## સહર્ષ યોજે છે



# 'દાંડિયા રાસ'

## તા. ૧૨-૧૦-૨૦૦૮

સ્થળ : બજાજ મ્યુનીસીપલ સ્કુલ ગ્રાઉન્ડ, કાંદિવલી રેલ્વે સ્ટેશનની બાજુમાં,
કાંદિવલી વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૬૭

ઉપનગર વિભાગનો પ્રથમ પ્રોગ્રામ દાંડિયા રાસનો ઑકટોમ્બર માસની ૧૨મી તારીખે રાખેલ છે. આ સાથે શ્રીમતી મણીબહેન મણીલાલ શાહ(ઝાટ) પુરસ્કૃત પારિતોષકનું વિતરણ કરવામાં આવશે. ઉપનગર વિભાગના ધોરણ ૧ થી ૯ વર્ષ ૨૦૦૭-૦૮ના ઈનામો આપવામાં આવશે. દરેક જણ ને એમના બાળકોના રિઝલ્ટની ઝેરોક્ષ કોપી મોકલી આપવા વિનંતી. રિઝલ્ટની પાછલ એડ્રેસ તેમજ ટેલીફોન નંબર ખાસ લખવો. તા. ૧૦-૯-૨૦૦૮ સુધીમાં આ કોપી નીચે પ્રમાણેના કોઈપણ એડ્રેસ ઉપર મોકલાવવી.

૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંસ્થાની ઓફીસ મુંબઈ
૨) ગાંધી નીમીષ બાબુલાલ - બી-૩૧, ઉજેમાળે રાજેશ એપાર્ટમેન્ટ, શંકરગલ્લી, કાંદિવલી (વેસ્ટ), મું ૬૭
૩) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ : ૨૩/૨૪, સીધ્ધી એપાર્ટમેન્ટ શક્તી નગર, માર્વેરોડ, મલાડ વેસ્ટ, મું. ૬૪
૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ :- સી-૩૦૨, સુમેર નગર એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) મું. ૯૨

નોંધ :- દાંડિયા રાસની વધુ વિગતો આવતા અંકમાં વાચવી.

***સંયોજક :- નીમીષ ગાંધી / મંત્રી મંજુલ ધાંરીઆ.***

## પાણીનો પરપોટો

પાણીનો પરપોટો આતો, પાણીનો પરપોટો, જીવન સાથે જોડાયો, આ પાણીનો પરપોટો....
ક્યારે દોડે, ક્યારે ફુટે, ક્યારે એ કરમાતો, ના કોઈ સમજે, ના વિચારે, જીવનનો સથવારો.... આ પાણી..
દેખાય મોટો દેખાય રૂડો, પણ અંદરથી પોલો, ધનથી મોટો, મનથી નાનો, ફુલાય એટલો ફુલ્યો...આ પાણી..
દિવસે ફુટે, રાતે ફુટે, પળનો નહિ ભરોસો, જીવન સાથે જોડાયો, આ પાણીનો પરપોટો........

***૦ સરલાબેન દેસાઈ (દેડકી)***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# શ્રીમતી મંજુલાબહેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત
# વસ્તી પત્રક અંગે અગત્યની જાહેરાત

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આ વર્ષે વસ્તી પત્રકની ૧૦મી આવૃત્તીનું પહેલવહેલા અંગ્રેજીભાષામાં પ્રકાશન આપ સૌના સાથ સહકારથી કરવાનું નક્કી કરેલ છે. આ અંગેની જાહેરાત અને તે અંગેના ફોર્મ દરેક જણને જ્યોતીપુંજ માધ્યમ દ્વારા મોકલવામાં આવ્યા છે. છતાં જે વ્યક્તિને આ ફોર્મ ન મળ્યા હોય તેઓ નીચેના સ્થળેથી ફોર્મ લઈ વહેલી તકે ભરી આપવા વિનંતી જેથી આ કાર્ય સફળતાથી પાર પડે.

બીજું આપણી છોકરી બહારની નાતમાં પરણી હોય તો તેનું અલગ ફોર્મ ભરવા વિનંતી તથા તેમા તેના પિતાનું નામ લખવું જરૂરી છે. આ ફોર્મ આ રીતે ભરવું

જેમકે ........Fathers Full Name (ખીજ)

ફોર્મ સ્વીકારવાની આખર તારીખ ૩૧-૧૦-૨૦૦૮ નક્કી કરવામાં આવી છે. પણ છેલ્લી તારીખની રાહ ન જોતા વહેલી તકે ફોર્મ ભરી આપવા વિનંતી.

ફોર્મ ભર્યા બાદ આપના કુટુંબમાં મરણ, લગ્ન અને કોઈપણ વિગતમાં ફેરફાર હોય તો તે અંગેનું બીજું ફોર્મ ન ભરતા તેની જાણ લેખીતમાં સંયોજકને જણાવવામાં આવતા તેનો અમલ કરવામાં આવશે.

જ્યોતિપુંજમાં મોકલાવેલ ફોર્મની ઝેરોક્ષ કોપીવાળા ફોર્મ તમે ભરીને આપશો તો પણ ચાલશે.

**ફોર્મ ભરીને નીચેના સ્થળોએ આપવા.**

1. **Shree Balasinor Navyuvak Sang,** 118/120, Ardeshir Dadi st., V.P. Rd., 2nd Floor, Mumbai -2 - Tel No. 23887006
2. **Chandresh Enterprise Corporation,** 17 Devkaran Mansion, Ground Floor, Phatak Wadi, Lohar chawl, Mumbai - 2
3. **Shah Engineering & Equipment Corpn.,** 64 Nagdevi Street, Gr. Floor, Mumbai - 3, Tel No. 23447382
4. **Ajay Pravinchandra Doshi,** B/2, Narshilpwani, Lallubhai Park Rd., Ext No 1, Irla (Ville Parle), Andheri (W), Tel No. 26203174
5. **Dilip Navnitlal Dharia,** 423 Vrajesh Apartment,, Bhadran Cross Road No 2, Mumbai - 64 . Tel NO. 28052212
6. **Gopal Ramanlal Kadakia,** 501. Gyan Darshan, S.V.P. Road, Near Municipal Garden, Kandivali (W), Mumbai 400067, Tel No. 28071406.
7. **Nilesh Navnitlal Shah**, C/24 Sardar Smruti, S.V.P. Road, Borivali (West).
8. Form can be downloaded from www.balasinor.org & filled up forms can be mailed to vadsol@balasinor.org

***મંત્રી - મંજુલ શૈલેષ ધારિયા, સંયોજક- જસ્મીન બિપિન શેઠ(અત્તરવાલા)***

# SHREE BALASINOR NAVYUVAK SANGH

Published

**Smt. Manjulaben Navnitlal Parikh (Bakhali)** *Sponsored*

| Vasti Patrak No. of 2003 | KHIJ | **10th Edition** |
|---|---|---|

| Name<br>Surname Middle Father | Cell No. | Date of Birth | Marital Status | Male/ Female | Blood Group | Education | Occupation | Residence Address | Business Address |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | Tel. No. ______/______ | Tel. No. ______/______ |
| | | | | | | | | Fax No. ______/______ | Fax No. ______/______ |
| | | | | | | | | Email ______ | Email ______ |
| | | | | | | | | Email ______ | Email ______ |
| | | | | | | | | Email ______ | Email ______ |
| | | | | | | | | Email ______ | Email ______ |
| | | | | | | | | Balasinor Tel. No.______ | Web ______ |
| | | | | | | | | MAXIMUM TWO RESIDENCE NO. | MAXIMUM TWO OFFICE NO. |

Form to be filled in English only.

Note : Mention Designation of Professional Degree.

**JASMINE B. SHETH (ATTARWALA)**
(Convener)
Cell : 98208 30060 / 92233 80156

**MANJUL S. DHARIA**
(Secretary)
Cell : 98201 35014

**PRADIP P. KADAKIA**
(President)
Cell : 98193 89484

**Form Filled by :** ______________________

**Contact No.** ______________

______________
**Signature**

# વસ્તી પત્રક પ્રકાશન અંગે જાહેર ટેંડર

આ વર્ષે આપણાં વસ્તી પત્રકની ૧૦મી આવૃત્તિનું પહેલવહેલું અંગ્રેજી ભાષામાં પ્રકાશન કરવાનું વિચાર્યું છે. આ માટે રસ ધરાવતા વ્યક્તિઓ માટે આ જાહેર ટેન્ડર છે.

ટેન્ડરની વિગત આ મુજબ છે.

Total Pages - 550 (Five Hundred Fifty only)
Paper Size - 8/12"x11"
Paper Quality - Maplitho
Bhadlacharan
80 GSM
Copies- 2000

**Format**

Adventisement in colour
Quotation in below mention
1)Rate for Paper
Rate for Board
Rate for Plastic Cover
Rate for Hard Binding
Rate for Printing
Rate for D.T.P. Charges
Rate for Scanning 4 Pages &
2) Total value of Book with Plastic cover including DTP charges.

અથવા (૧) પ્રુફ સાથે ફલોપી આપવાની રહેશે.

આ માટે તે વ્યક્તિએ 3+1 Final Proof આપવાના રહેશે.Proof Reading ની જવાબદારી DTP બનાવનારની રહેશે.

આગળનો Art Page ની 3 Design આપવાની રહેશે.

આ અંગેની વધુ માહિતી માટે પ્રમુખશ્રી, મંત્રીશ્રી અથવા સંયોજકનો રૂબરૂમાં સંપર્ક સાધવો.

આ ટેન્ડર અમને સીલ કવરમાં તા. ૧૦-૯-૨૦૦૮ સુધીમાં સંસ્થાની ઓફીસમાં સંસ્થાના સમય દરમ્યાન પહોંચાડવાના રહેશે.

**તા.ક. દરેક ટેન્ડર ઉપર વસ્તી પત્રકનું જાહેર ટેન્ડર લખવાની વિનંતી .**

**Note** : The Managing Commitee has full rights to accept or reject the tender.

## Rate of Advertisement are as under

| | | Rs. |
|---|---|---|
| 1) | Back Page | 50,000/- |
| 2) | Inside Back Page No B | 25,000/- |
| 3) | Inside Back Second Pg. B | 20,000/- |
| 4) | Inside Back Third Page B. | 15,000/- |
| 5) | Front Cover Page Inside | 25,000/- |
| 6) | Inside Front Second Page | 20,000/- |
| 7) | Inside Front Third Page | 15,000/- |
| 8) | Full colour Page | 7,000/- |
| 9) | 1/2 Page Cover B. | 4,000/- |
| 10) | Strip adv. of (only 1 per person) | 500/- |

*Convenor-Jasmine Bipin Sheth (Attarwala)*
*Secretary- Manjul Shailesh Dharia*
*President -Pradip Pravinchandra Kadakia*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વિવિધ પેટા સમિતિઓ
# વર્ષ ૨૦૦૮-૨૦૦૯

## સ્વાસ્થ્ય યોજના/હોસ્પીટલ સહાય યોજના

શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ (લટકારી) સંયોજક
શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ (લાલખાં)
શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ ફાડીયા
શ્રી સતીષભાઈ ભીખાલાલ પરીખ રોકડીયા
શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ (ધંગેલા)

## પુસ્તક યોજના

શ્રી જગદીશ શાંતીલાલ પરીખ (કન્વીનર)
શ્રી સોમીલ જીતેન્દ્ર મોદી
શ્રી અજીત નટવરલાલ મોદી
શ્રી જસ્મીન બીપીનભાઈ શેઠ
શ્રી રાજુ મંગલદાસ પરીખ

## રસોત્સવ સમિતિ - ૨૦૦૮-૦૯

શ્રી સોમીલ જીતેન્દ્ર મોદી (કન્વીનર)
શ્રી કીર્તી હીરાલલ કડકીઆ
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ
શ્રી કલ્પેશ સુરેષ ધારીઆ
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી
શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ
શ્રી જાસ્મીન બીપીન શેઠ
શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી
શ્રી દીપક નવનીતલાલ શાહ
શ્રી સંજય જે. શાહ.

## ક્રિકેટ સમિતિ

શ્રી કીંજલ પરીખ (કન્વીનર)
શ્રી નીહાર કડકીઆ
શ્રી ચીરાગ પરીખ
શ્રી નિરવ દેસાઈ
શ્રી સમીર ધારીઆ

## શ્રીજી મેડીકલ યોજના

શ્રી ભરત કાંતીલાલ પરીખ
શ્રી ચેતન એમ. દેસાઈ
શ્રી અજય પી. દોશી
શ્રી હેમેન્દ્ર આર. શાહ

## નોટબુક રાહત યોજના

શ્રી જીતેન્દ્ર પી. પારેખ (કન્વીનર)
શ્રી ચંદ્રેશ પી. કડકીઆ
શ્રી અજીત એમ. મોદી
શ્રી જાશમીન બી. શેઠ
શ્રી સમીર જે. ગાંધી
શ્રી કલ્પેશ ધારીઆ
શ્રી શોમીલ મોદી

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

શ્રી સમીર જ. ગાંધી (કન્વીનર)
શ્રી ગોપાલ ર. કડકીયા
શ્રી સૌમીલ જે. મોદી
શ્રી નિકેશ જે. ગાંધી

## મહિલા વિભાગ

